# કોચીઝના ઇન્સેન્ટીવ માટેના નિયમો અંગેનો

# પરિપત્ર

રમત ક્ષેત્રમાં પરિણામલક્ષી કામગીરી માટે ખેલાડીઓની સાથોસાથ તેના કોચની કામગીરીનું પણ ખૂબ જ મહત્વ છે. વિજેતા ખેલાડીઓને પુરસ્કારથી નવાજવાની સાથોસાથ તેના પરિણામના ભાગીદાર તેવા ખેલાડીને તૈયાર કરનાર કોચને પણ પુરસ્કારથી નવાજવા જોઇએ. જેથી કોચને તેમજ ખેલાડીને પણ વધુ કામગીરી કરવા માટે પ્રોત્સાહન રહે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લઇ રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તા.૨૮/૫/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ એસ.એ.જી./૧૦૨૦૧૪/૨૦૪૯/બ થી રાષ્ટ્રકક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને અપાતા પુરસ્કારની રકમના ૧૦ ટકા જેતે ખેલાડીના કોચ/કોચીઝને ઈન્સેન્ટીવ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

## કોચીઝને આપવાના ઈન્સેન્ટીવ માટે ધારા-ધોરણોઃ

(૧) આ યોજના વર્ષ ૨૦૧૫-૧૬ અને ત્યારબાદના રોકડ ખેલ પ્રતિભા પુરસ્કાર મેળવનાર ખેલાડીઓના કોચને લાગુ પડશે.

(૨) રાષ્ટ્રકક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને અપાતા પુરસ્કારના ૧૦ ટકા પરંતુ વધુમાં વધુ રૂ.૧૦/- લાખની મર્યાદામાં કોચીઝને ઇન્સેન્ટીવ આપવા ખર્ચને વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

(3) કોચ રાજ્ય સરકારના સ્પોર્ટસ વિભાગમાં કાયમી અથવા કોન્ટ્રાકટ ધોરણે કાર્યરત હોય અથવા ગુજરાત રાજ્યનું ડોમીસાઈલ ધરાવતાં હોવા જોઇએ.

(૪) ઇન્સેન્ટીવ માટે કોચીઝની ત્રણ કેટેગરી રાખવામાં આવેલ છે.

(૧) કોમ્યુનીટી કોચ (ગ્રાસરૂટ માટે) (૨) ડેવલપમેન્ટ કોચ (નેશનલ ચેમ્પીયનશીપ માટે) (3) હાઇ પર્ફોમન્સ કોચ (ઇન્ટરનેશનલ ચેમ્પીયનશીપ માટે)

(૫) રાષ્ટ્રકક્ષાના વિજેતા ખેલાડીઓના કિસ્સામાં પહેલા બે કેટેગરીના કોચીઝ (૧) કોમ્યુનીટી કેટેગરીના કોચને પુરસ્કારની રકમના 30% તથા (૨) ડેવલપમેન્ટ કેટેગરીના કોચને ૭0% આપવામાં આવશે.

(૬) આંતરરાષ્ટ્રીય કક્ષાના વિજેતા ખેલાડીઓના કિસ્સામાં ત્રણ કક્ષાના કોચ વચ્ચે પુરસ્કારની રકમની વહેંચણી કરવામાં આવશે.

(૧) કોમ્યુનીટી કેટેગરીના કોચને ૧૦%, (૨) ડેવલપમેન્ટ કેટેગરીના કોચને ૩૦% અને (૩) હાઇ પર્ફોમન્સ કેટેગરીના કોચને ૬૦% રકમ આપવામાં આવશે.

(૭) જે તે કેટેગરીના કોચે ઓછામાં ઓછા પાંચ ખેલાડીને તૈયાર કરેલા હોવા જોઇએ તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

(૮.૧) નેશનલ કક્ષાના કિસ્સામાં જે તે વિજેતા ખેલાડીએ ડેવલપમેન્ટ કોચ પાસેથી સ્પર્ધા પહેલા બે વર્ષમાં ઓછામાં ઓછા કુલ ૧૮૦ દિવસ સુધી પ્રત્યક્ષ કોચીંગ મેળવેલ હોવું જોઇએ.

(૮.૨) જે તે ખેલાડીના કોમ્યુનિટી કોચનું નામ એકવાર મંજૂર થયા બાદ તે કાયમી રહેશે.

(૮.૩) ઇન્ટરનેશનલ કક્ષાના કિસ્સામાં જે તે વિજેતા ખેલાડીના કોમ્યુનિટી કોચ અને ડેવલપમેન્ટ કોચ એકવાર મંજૂર થયા બાદ તે કાયમી રહેશે.

(૯) ખેલાડીની સિધ્ધિ તપાસતાં જો તેને એક થી વધુ કોચીઝ દ્વારા તૈયાર કરવામાં આવેલ હોય તો રોકડ ઇન્સેન્ટીવ રકમ સરખા હિસ્સામાં દરેક કોચીઝને વહેંચવામાં આવશે. (દા.ત. બે કોચ હોય તો ૫૦% રકમ અને ત્રણ કોચ હોય તો ૩૩% રકમ)

(૧૦) જે તે રમતના એકસપર્ટ કોચ સાથે તેમના દ્વારા રોકવામાં આવેલ કોચીંઝને પુરસ્કારની રકમ જે તે એકસપર્ટ કોચે તેમને મળેલ રકમમાંથી ચુકવવાની રહેશે.

(૧૧) તાલીમ લીધેલ ખેલાડીઓ પાસેથી આધાર-પુરાવા કોચે રજૂ કરવાના રહેશે.

(૧૨) ઓનલાઇન, પોસ્ટલ અથવા ટેલીફોનિક કોચીંગ માન્ય રાખવામાં આવશે નહીં.

(૧૩) ડેવલપમેન્ટ કોચ તથા હાઇપરફોરમન્સ કોચ દ્વારા જેતે રમતનો અભ્યાસ કરાયેલ છે અને તેઓ સામાન્ય રીતે આ કક્ષાનું કોચીંગ કરતાં હોવા જોઇએ. આ અંગે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જરૂર જણાય તો કોચીઝનું ગ્રેડેશન પણ કરશે.

ડાયરેકટર જનરલ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

# <u>સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત</u>

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

બ્લોક નં.૧૪/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

## <u>કોચીઝ ઈન્સેન્ટીવ અંગેનું ફોર્મ</u>

(૧) કોચનું નામઃ

______________________________

(૨) આઇ.ડી. નં.: ______________________________

(૩) રમતનું નામઃ

______________________________

(૪) સરનામું:______________________________

(૫) સંપર્ક નંબરઃ______________________________

(૫) ઇ-મેલ આઈડી:______________________________

(૬) કોચીંગ અંગેની વિગત :-

- ખેલાડી સાથે કૌટુંબિક સંબંધ છે ? હા/ના ________
- તમે ખેલાડીઓને નિયમિત કોચીંગ આપો છો ? હા/ના ________
- કોચીંગનું સ્થળ : ______________________
- નિયમિત કેટલા ખેલાડીઓને કોચીંગ આપો છો ____________
- કેટલા સમયથી કોચીંગ આપો છો ____________
- એસ.એ.જી. દ્વારા તમારા કોચીંગ સ્થળે કોઇ સુવિધા આપવામાં આવે છે. જો હા તો વિગત જણાવવી.

  ______________________________

- કોચની અભ્યાસ અંગેની વિગત

| ક્રમ | અભ્યાસ | યુનિવર્સિટી / સંસ્થા | વર્ષ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

(૭) કોચીંગ અંગેનો અનુભવ: ____________________

(૮) આપના દ્વારા કોચીંગ મેળવેલ અને રાજ્ય સરકાર દ્વારા રોકડ પુરસ્કાર મેળવેલ ખેલાડીઓ અંગેની વિગત

| ક્રમ | ખેલાડીનું નામ | મેળવેલ પુરસ્કારની વિગત | ખેલાડી આપના પાસેથી કેટલા સમયથી કોચીંગ મેળવે છે |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

(૯) અન્ય કોઇ કોચે પણ કોચીંગ કરેલ હોય તેનું

નામ :- ........................................................................ સંપર્ક નંબર:- ....................................

(૧૦) દર્શાવેલ કોચીંગ સમય અંગેનો આધાર-પુરાવા હોય તો જણાવવા.

ઉપરોક્ત વિગત સત્ય છે. જો આ સિવાયની અન્ય વિગત બહાર આવશે તો મને મળેલ ઇન્સેન્ટીવ પરત કરવાની બાંહેધરી આપું છું.

કોચની સહીઃ

કોચનું નામઃ